**GJGN020014472021**

દાખલ તા. ૨૬/૦૨/૨૦૨૧
ફેસલ તા. ૨૫/૦૫/૨૦૨૨
સમયગાળો :
૧ વર્ષ ૨ માસ ૨૯ દિવસ

**ગાંધીનગરના ૬ઠા એડીશનલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.ગાંધીનગર**
રુમ નં ૩૧૩, ત્રીજો માળ, ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ કોર્ટ બિલ્ડીંગ, ગાંધીનગર

**ક્રિ.પ.અરજી નંબર – ૧૨૧/૨૦૨૧**
આંક –૧૬

૧. આભારાની બરમેશ્વરનાથ સીંગ ... અરજદાર
ઉ.વ.આ.૩૬, ધંધો – ઘરકામ
૨. સગીર આધ્યા બરમેશ્વરનાથ સીંગ
ઉ.વ.આ.૧૦, ધંધો – અભ્યાસ
૩. સગીર સાન્વી બરમેશ્વરનાથ સીંગ
ઉ.વ.આ.૭, ધંધો – અભ્યાસ
સહુ રહે. એલીગન્સ રેસીડેન્સી, એફ–૩૦૧, ચિલોડા સર્કલ પાસે,
ગાંધીનગર

**વિરુધ્ધ**

બરમેશ્વરનાથ વિષ્ણુધારી સીંગ ... સામાવાળા
ઉ.વ.આ.૪૨, ધંધો – વેસ્ટર્ન રેલ્વેમાં ટી.ટી.
રહે. આધ્યા સ્પોર્ટ, સી.ટી. મોલ, ૪થો માળ, નવજીવન મીલ
કમ્પાઉન્ડ, કલોલ. તા. કલોલ, જી. ગાંધીનગર

---

અરજદાર તરફે વિ.વ.શ્રી એ. ડી. શાહ
સામાવાળા તરફે વિ.વ.શ્રી એ. પી. ઝાલા

---

**બાબત : ક્રિ. પ્રો. કોડ કલમ–૧૨૫ મુજબ ભરણપોષણ મેળવવા સારું અરજ**

# : : <u>ચુકાદો</u> : :

૧. અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદાર નંબર.૧ ના લગ્ન સામાવાળા સાથે તા. ૦૧/૦૧/૨૦૦૪ ના રોજ ગાંધીનગર મુકામે પરિવારની હાજરીમાં સમાજના રીત–રિવાજ મુજબ થયેલ છે અને લગ્નજીવનથી તેણીને બે દીકરીઓ નામે આધ્યા ઉ.વ.૧૦ તથા સન્વી ઉ.વ.૭ નો જન્મ થયેલ છે કે જે હાલ અરજદાર પાસે છે. લગ્ન બાદ સામાવાળા શરૂઆતમાં અરજદારને ઠીક–ઠાક રાખતા હતા અને ત્યારબાદ પૂરું ખાવા–પીવાનું આપ્યા વગર અરજદારને નાની–નાની બાબતોમાં મારઝૂડ કરતા અને અરજદારના સાસુ વારે–તેહવારે ઘરે આવીને અરજદારને કહેતા કે, મારા દીકરાને બીજે પરણાવેલ હોત તો તારા કરતાં વધારે દહેજ આવત તથા કહેતા કે તારો બાપ ભિખારી છે અને તેમ કહીને તેણીને મેણા–ટોણા મારીને માનસિક–શારીરિક ત્રાસ આપતા. અરજદારને સારા દિવસો જતા હતા ત્યારે પણ સામાવાળા તેમની દવા કરાવતા નહીં અને દીકરીનો જન્મ થતા સામાવાળા અરજદારને કહેતા કે દીકરી કેમ આવી દીકરો જોઈતો હતો.અરજદારને એમનું ઘર કરવું હોવાથી તે સામાવાળાનો ત્રાસ સહન કર્યા કરતા હતા. ત્યારબાદ ફરીથી દીકરીનો જન્મ થતાં, દીકરી મારી નથી તેમ કહીને સામાવાળા અરજદારના ચારિત્ર્ય પર શંકા કરતા હતા.

સામાવાળા કલોલમાં ગારમેન્ટનો ધંધો કરવા માટે અરજદારને તેણીના પિતા પાસેથી રૂપિયા ૧૦,૦૦,૦૦૦/– લાવ નહિતર છૂટાછેડા આપી દઈશ તેમ કહીને મારઝૂડ કરતા. અરજદાર પોતાનું ઘર ન તૂટે તેના માટે પોતાના તેમજ પોતાની બહેનોના દાગીના વેચીને સામાવાળાને પૈસા આપેલા જેમાંથી સામવાળાએ “આધ્યા સ્પોર્ટ” નામની ફર્મ અરજદારના નામે ચાલુ કરેલી. સામાવાળાએ તા. ૧૯/૦૯/૨૦૧૯ના રોજ મારઝૂડ કરીને પહેરેલ કપડે અરજદારને બંને દીકરીઓની સાથે કાઢી મૂકેલી અને તેની ફરિયાદ ફ.ગુ.રજી.નં. ૮૭/૨૦૧૯થી ગાંધીનગર સેકટર–૨૧ ના પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ છે. ત્યારબાદ પણ સામાવાળાના વર્તનમાં કોઈ સુધારો આવેલ નહિ. સામાવાળા અરજદારને, મારે નીધી પરમાર જોડે લગ્ન કરવા છે, તું મને છૂટાછેડા આપી દે તેમ કહીને માનસિક ત્રાસ આપતા હતા. જેથી અરજદાર નિરાધાર અવસ્થામાં પોતાની દીકરીઓ સાથે રહે છે. અરજદાર કોઈ કામધંધો

જાણતી નથી. જ્યારે સામાવાળા ધનાઢ્ય છે અને વેસ્ટર્ન રેલવેમાં હેડ ટી. ટી. તરીકે સરકારી નોકરી કરી રૂ.૧,૦૦,૦૦૦/– જેટલો પગાર પણ મેળવે છે. અને “આધ્યા સ્પોર્ટ” નામની ફર્મ ચલાવી તેમાંથી પણ ખુંબ સારું કમાય છે. સામાવાળાને બિહાર મુકામે પોતાનું પાકું મકાન છે તથા ખેતીની જમીન છે. સામાવાળા ઉપર અરજદાર અને બે સગીર દીકરીઓ સિવાય અન્ય કોઇ જવાબદારી નથી.

આમ, અરજદારે હાલની અરજી દાખલ કરી અરજદાર નં.૧ના ભરણપોષણ માટે માસિક રૂ.૫૦,૦૦૦/–, અરજદાર નં.૨ તથા અરજદાર નં.૩ના ભરણપોષણ માટે માસિક રૂ. ૨૫,૦૦૦/– એમ કુલ મળીને રૂ.૧,૦૦,૦૦૦/– ચઢે ચઢયા દર માસે ભરણપોષણ પેટે સામાવાળા પાસેથી અપાવવા માંગણી કરેલ છે.

૨. અરજદારની સદરહુ અરજી દાખલ થતાં સામાવાળાને નોટીસ કાઢતાં તે સામાવાળાને બજી જતાં સામાવાળાએ તેમના વકીલશ્રી મારફતે હાજર થઇ અરજદારની અરજીનો લેખિત જવાબ આંક–૮ થી રજુ કરેલ છે અને સામાવાળાએ મુખ્યત્વે અરજદારની અરજીની હકીકતો ઈન્કાર કરેલ છે. લગ્ન બાબતે તેમજ બન્ને દીકરીઓના જન્મ બાબતે કોઈ તકરાર લીધેલ નથી પરંતુ મેણા–ટોણા મારી, દહેજની માંગણી કરી, માનસિક–શારીરિક ત્રાસ આપી કાઢી મૂકયાની હકીકતો નકારી કાઢેલ છે. સામાવાળાએ પોતાના જવાબમાં જણાવે છે કે અરજદાર જીદ્દી સ્વભાવના અને પોતાનું ધાર્યું કરવાની નેમવાળા હોય અને તેઓને તેમના પિયરમાં માતા સાથે રેહવું હોવાથી સામાવાળાને ઘરજમાઈ તરીકે પિતાને છોડી તેમના ત્યાં સ્થાયી રેહવા માટે વારે ઘડીએ દબાણ કરતા. નોકરીથી ઘરે આવીએ ત્યારે પત્ની તરીકેની કોઈ ફરજ નિભાવતા નહિ અને સામાવાળા પ્રત્યે અણગમો રાખી સમયસર જમવાનું પણ બનાવતા નહિ.

અરજદારે સામાવાળાને હેરાન પરેશાન કરવા માટે ગાંધીનગર સેકટર–૨૧ પોલીસ સ્ટેશનમાં ખોટી ફરિયાદ કરેલ. સામાવાળા જણાવે છે કે, “આધ્યા સ્પોર્ટ” નામની ફર્મ નુકશાન જવાના કારણે ૨૦૧૯માં બંધ થઈ ગયેલ છે. વધુમાં સામાવાળા જણાવે છે કે, અરજદાર સામાવાળાને વાત વાતમાં હડધુત કરતા, વારંવાર અપમાનીત કરતા અને ગાળા–ગાળી કરતા તેમજ નોકરીથી ઘરે આવે ત્યારે શક રાખી મોબાઈલ ચેક કરતા અને તેમની પાસે

રાખતા. અરજદારના ભાઈ ઝારખંડમાં મંત્રીના પી.એ. હોવાથી તેમનો ડર બતાવી સામાવાળાને નોકરીથી ડીસમીસ કરાવી પરિવારને રોડ ઉપર લાવી દેવાની ધમકી આપતા. સામાવાળા હાલ, જુનાગઢ મુકામે વેસ્ટર્ન રેલવેમાં નોકરી કરી માસિક પગાર રૂ. ૬૦,૦૦૦/– મેળવે છે જેમાંથી કાર લોન અને પર્સનલ લોનના રૂ. ૩૦,૦૦૦/– કપાત થાય છે. તેમજ કલોલથી જુનાગઢ અપડાઉનનો ખર્ચ રૂ. ૩૦૦૦/– થી ૪૦૦૦/– થાય છે. અરજદાર લગ્ન પેહલા તેમજ લગ્ન બાદ પણ સ્પોર્ટ રેલવેમાં નોકરી કરતા હતા. વધુમાં જણાવે છે કે તેઓ અરજદારને તેમની સાથે લઈ જવા તૈયાર છે. સામાવાળા ઉપર કુટુંબની સામાજીક જવાબદારી તેમજ તેમના વૃદ્ધ પિતાની દેખરેખ, સારસંભાળ અને મેડિકલ ખર્ચાઓની પણ જવાબદારી છે. અરજદાર સામાવાળા ઉપર ખોટા આક્ષેપો કરી અરજી દાખલ કરેલ હોય હાલની અરજી ખર્ચ સાથે રદ કરવા જણાવેલ છે.

૩. અરજદારે પોતાની અરજીની સમર્થનમાં આંક–૧૧ થી સોગંધ ઉપર જુબાની આપેલ છે અને આંક–૧૨ થી કલોસીંગ પુરસીસ રજુ રાખેલ છે. જ્યારે, સામાવાળા તરફે સામાવાળાએ આંક–૧૩ થી સોગંધ ઉપર જુબાની આપેલ છે અને આંક–૧૪ થી કલોસીંગ પુરસીસ રજુ રાખેલ છે. આ કામે અરજદાર તથા સામાવાળા તરફે પુરાવા પૂરો થયાનું જાહેર થયા બાદ અરજદાર તરફે વિ.વ.શ્રી એ. ડી. શાહ અને સામાવાળા તરફે વિ.વ.શ્રી એ. પી. ઝાલાની વિસ્તૃત દલીલો સાંભળવામાં આવેલ છે, જે દલીલોનું ચર્ચા મુદ્દાની ચર્ચા સાથે સાંકળી લીધેલ છે.

૪. આમ, સદરહુ કેસની હકીકતો જોતાં નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

## : : <u>મુદ્દા</u> : :

મુદ્દા નંબર – ૧. શું અરજદાર પુરવાર કરે છે કે, સામાવાળાએ અરજદાર તથા સગીર દીકરીઓનો પુરતા સાધનો હોવા છતાં વિના કારણે ત્યાગ કરેલ છે ?

મુદ્દા નંબર – ૨. શું અરજદાર પુરવાર કરે છે કે, તે માંગ્યા મુજબનું ભરણપોષણ મેળવવા હકકદાર છે ? જો હા, તો માસિક કેટલી રકમ ?

મુદ્દા નંબર – ૩. શો હુકમ ?

## : : <u>નિર્ણયો</u> : :

મુદ્દા નંબર – ૧. હકારાત્મક

મુદ્દા નંબર – ૨. અંશતઃ હકારાત્મક,

અરજદાર નં. ૧ ને માસિક રૂ. ૫૦૦૦/– ના લેખે,

અરજદાર નં. ૨ ને માસિક રૂ. ૨૫૦૦/– ના લેખે તેમજ

અરજદાર નં. ૩ ને માસિક રૂ. ૨૫૦૦/– ના લેખે.

મુદ્દા નંબર – ૩. આખરી હુકમ મુજબ

પ. ઉપરોક્ત નિર્ણયો અંગેના મારા કારણો નીચે મુજબ છે.

## : : કારણો : :

**મુદ્દા નંબર–૧ :**

પ.૧.૧. આ કામે અરજદાર પોતાની અરજીની હકીકતના સમર્થનમાં સોગંધ ઉપર જુબાની આપીને જણાવેલ છે કે, અરજદાર ના લગ્ન સામાવાળા સાથે ૦૧/૦૧/૨૦૦૪ ના રોજ રીતરિવાજ મુજબ થયેલ છે લગ્નના થોડા જ સમય બાદ દહેજની માંગણી કરી, મેણા–ટોણા મારી, મારઝૂડ કરી, આમ માનસિક–શારીરિક ત્રાસ આપીને સામાવાળાએ અરજદારને વિના કારણે ત્યાગ કરી પહેરેલ કપડે ઘરમાંથી દીકરીઓ સહિત કાઢી મુકેલ છે. અને જેની અરજદાર દ્ધારા પોલીસ ફરિયાદ પણ કરવામાં આવી હતી અને ફરિયાદ કર્યા બાદ સામાવાળાના વર્તનમાં સુધારો આવશે એમ વિચારી સામાવાળા સાથે રહેવા પણ ગયા હતા. પરંતુ ત્યારબાદ પણ સામાવાળા દ્ધારા અરજદારની મારઝુડ કરી માનસિક–શારીરિક ત્રાસ આપવાને કારણે તેણીને ફરીવાર પોલીસમાં ફરિયાદ કરવું પડ્યું હતું જેમાં સામાવાળાને જામીન લઈ છોડવામાં આવ્યા હતા. આમ વારંવાર માનસિક–શારીરિક ત્રાસ આપવાને કારણે અરજદાર પોતાના બે દીકરીઓ સાથે નિરાધાર અવસ્થામાં ઓશિયાળું જીવન ગુજારી રહ્યા છે. સામાવાળા દ્ધારા વેસ્ટન રેલ્વેમાં હેડ ટી.ટી. હોવા છતાં અરજદાર અને તેમની બે દીકરીઓનું ભરણપોષણ કરવાની કોઈ દરકાર લેવામાં આવેલ નથી. આમ, અરજદારે જુબાનીમાં અરજી મુજબની હકીકતોનો સમર્થન આપેલ છે. સામાવાળા તરફે ઉલટ તપાસમાં અરજદારે એ હકીકતનો ઈનકાર કરેલ છે કે, પિયરમાં રહેવાની વાતને લઈને એમના અને સામાવાળા વચ્ચે અનબન થતી હતી કે ઘરે જમવાનું ન બનાવવાના કારણે તેમના વચ્ચે ઝઘડા થતા હતા. એ હકીકતોનો પણ ઈનકાર કર્યો છે કે, તે સામાવાળા પર શક રાખીને તેમના મોબાઈલ ચેક કરતા હતા કે સામાવાળાની આવક ઓછી પડતી હોય ઘરમાં ઝઘડા કંકાસ કરતા હતા. આમ, અરજદારે સામાવાળાએ તેમના જવાબમાં જે હકીકતો જણાવેલ છે તે બધાને નકારી કાઢીલ છે. સામાવાળા પોતાની જુબાનીમાં અરજદારની અરજીની હકીકતોને ઈનકાર કરેલ છે અને પોતાની આવક અંગેની હકીકતો જણાવેલ છે પરંતુ તેઓ તરફથી અરજદારને કોઈપણ ત્રાસ આપેલ નથી કે તેમને તેડી લાવવા માટે પૂરતા પ્રયત્નો

કરેલા છે તેવી કોઈ હકીકત સામાવાળા દ્વારા પુરવાર કરવામાં આવેલ નથી. આમ, વિસ્તૃત જુબાની અને દલીલોને જોતા અરજદાર પોતાની અરજીની હકીકતોને વળગી રહેલા છે અને સામાવાળા પોતાને મદદરૂપ થાય તેવું કોઈ જ ફળદાયી હકીકત રેકોર્ડ ઉપર લાવી શક્યા નથી.

૫.૧.૨. કોઈ પણ ભારતીય સ્ત્રી પોતાના પતિનું ઘર ત્યજીને બે સગીર દીકરીઓ સાથે એકલા રહેવાનું પસંદ ન કરે પરંતુ જ્યારે પતિ દ્વારા માનસિક–શારીરિક ત્રાસ આપવામાં આવે અને જ્યારે તે સહનશીલતાની તમામ હદ્દો વટાવી જાય ત્યારે તે ઓશિયાળું જીવન જીવવા પર મજબૂર થઈ જાય છે. પત્ની અને પોતાના બાળકોની જાળવણી કરવી એ એક પિતાની સૌથી મોટી ફરજ છે.

**નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા A I R 2014 S C 2875 ના ચુકાદામાં ઠરાવવામાં આવેલ છે કે, પત્ની અને બાળકોની જાળવણી માટે પતિ જવાબદાર છે. પતિએ ભરણપોષણની ફરજ શારીરિક શ્રમ કરી પૈસા કમાઈને પણ પૂરી કરવી પડે.**

પત્ની અને બાળકો નિરાધાર ન બને તે જોવું સામાવાળાની સૌથી મોટી ફરજ છે કે જેમાંથી તે કોઈપણ કારણે પીછેહઠ કરી શકે નહિ.

૫.૧.૩. સદર કેસમાં સામાવાળા પોતાની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવે છે કે, તેઓ વેસ્ટન રેલવેમાં હેડ ટી.ટી. તરીકે ફરજ બજાવે છે જેના પરથી દેખીતી રીતે તે પુરવાર થાય છે કે, સામાવાળા પાસે પુરતા સાધન છે. વળી, સામાવાળાએ જુબાનીમાં એવું ક્યાંય નથી જણાવ્યું કે, તેમણે પોતાના સગીર દીકરીઓ કે જે અરજદાર સાથે રહે છે તેમના ભરણપોષણ માટે કોઈ પણ વ્યવસ્થા કરી હોય. સામાવાળાએ જુબાનીમાં એવું પણ જણાવ્યું નથી કે, તેણે ક્યારેય પણ અરજદાર કે સગીર દિકિરીઓને પોતાના ઘરે લાવવા માટે કોઈ પણ ગંભીર પ્રયાસ કર્યા હોય. આમ, સામાવાળા દ્વારા અરજદાર તેમજ સગીર દીકરીઓનું ભરણપોષણ કરવામાં બેદરકારી અને ઇનકાર કરેલો છે તે મૌખિક પુરાવા અને કેસના સંજોગો પરથી પ્રસ્થાપિત થાય છે.

૫.૧.૪. આમ, બંને પક્ષની જુબાની તેમજ દલીલોને ધ્યાને લેતા અરજદારે સોગંદ ઉપર રજુ કરેલ હકીકત નહિ માનવાનું કોઈ કારણ નથી અને સામાવાળા પાસે પુરતા સાધનો હોવા છતાં વિના કારણે અરજદાર અને સગીર દીકરીઓનો ત્યાગ કરેલ હોવાની હકીકત પુરવાર કરવામાં

અરજદાર સફળ થયેલ છે જેથી મુદ્દા નંબર.૧ નો નિર્ણય હકારાત્મક આપવામાં આવે છે.

**<u>મુદ્દા નંબર–૨ :</u>**

૫.૨.૧. આ કામે સામાવાળાએ પોતાના લેખિત જવાબ તેમજ જુબાનીમાં અરજદાર તેમના પત્ની હોવાની અને તેઓના લગ્નજીવનથી તેમને બે દીકરીઓના જન્મ થયા હોવાની હકીકત કબુલ રાખેલ છે તે સંજોગોમાં લગ્ન વિશે કોઈ તકરાર નથી તેથી કાયદેસરની પત્ની હોવાથી અરજદાર સામાવાળા પાસે  ક્રિ. પ્રો. કોડની કલમ–૧૨૫ પ્રમાણે ભરણપોષણ મેળવા હકકદાર હોવાનુ જણાય છે. વળી, સામાવાળાએ પોતાની જુબાની તેમજ દલીલમાં જણાવેલ છે કે, અરજદાર લગ્નપેહલા તેમજ લગ્નબાદ નોકરી કરતા હતા. પરંતુ અરજદારએ પોતાની દલીલમાં જણાવેલ છે કે, અરજદાર ૮ પાસ છે અને તે વાત સાચી છે કે તેઓ લગ્ન પેહલા તેમજ લગ્નબાદ નોકરી કરતા હતા પણ તે નોકરી રેલવેમાં સ્પોટ્ર્સ ક્વોટાની હતી અને લગ્નબાદ સામાવાળા દ્ધારા અરજદારની તે નોકરી છોડાઇ દીધી હતી અને ૮ પાસ હોવાના કારણે તેમને બીજું કોઈ કામ આવડતું ના હોય તેઓ પોતાનું તેમજ સગીર દીકરીઓનું ભરણપોષણ કરવા અસમર્થ છે. આ બાબતે દલીલો વખતે સામાવાળા દ્ધારા કોઈ જ બચાવ લેવામા આવ્યો નથી જેનાથી અરજદાર પોતે પોતાનું તેમજ સગીર દીકરીઓનું ભરણપોષણ કરવા અસમર્થ છે તે વાતને ન માનવાનુ કોઈ કારણ રહેતું નથી. આ તમામ હકીકતોને ઘ્યાને લેતા અરજદાર તેમજ તેમની સગીર દીકરીઓ સામાવાળા પાસેથી ભરણપોષણ મેળવવા હકકદર છે તે પુરવાર થાય છે.

૫.૨.૨. સામાન્યપણે ભરણપોષણના કેસની કાર્યવાહીમાં અરજદાર વધુ ભરણપોષણ મેળવવા માટે સામાવાળાની આવક વધુ જણાવતા હોય છે. તેમજ સામાવાળા પણ ઓછું ભરણપોષણ ચુકવવું પડે તે માટે ઓછી આવક જણાવતા હોય છે તે માની શકાય તેવી હકીકત છે. જ્યારે સદર કામમાં સામાવાળાએ પોતાની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, તેઓ વેસ્ટન રેલવેમાં હેડ ટી.ટી. તરીકે ફરજ બજાવે છે અને તેમની ગ્રોસ સેલરી રૂ. ૬૮,૧૪૯/–  છે અને જેમાં દર ૬ મહિને મોંઘવારી ભથ્થામાં વધારો થાય છે.

૫.૨.૩. હવે, ભરણપોષણની રકમ નક્કી કરતી વખતે અદાલતે પક્ષકારોનું જીવન ધોરણ, રહેણી–કરણી, સામાજિક મોભો તથા હાલની મોંઘવારી, સામાવાળાની આવક અને સામાવાળાની જવાબદારી વિગેરે હકીકતો ધ્યાનમાં રાખીને નક્કી કરવાનું રહે છે.

**મંજુ રઘુવંશી વિરૂદ્ધ દિલીપ સિંઘ રઘુવંશી 2006 (4) MPLJ 302 ના ચુકાદામાં ઠરાવવામાં આવેલું છે કે, ભરણપોષણની માત્રા નક્કી કરવામાં પક્ષકારોની આર્થિક સ્થિતિ એ સૌથી મહત્વપૂર્ણ પરિબળ છે.**

અત્રે નોંધનીય છે કે, પત્નીને એટલું વધુ ભરણપોષણ ન આપવું જોઈએ કે તેના પતિથી વિમુખ થાય અને એટલું ઓછું પણ ન આપવું જોઈએ કે જે તેની મૂળભૂત શરતોને ન સંતોષે.

૫.૨.૪. અરજદાર તરફે વી.વ.શ્રી દ્વારા દલીલમાં નામદાર દિલ્હી હાઈકોર્ટ દ્વારા બબીતા બિશ્ત વિરુદ્ધ ધર્મેન્દ્ર સીંગ બિશ્તના ચુકાદામાં નામદાર દિલ્હી હાઈ કોર્ટ દ્વારા ઠરાવ્યા મુજબ પતિના કુલ આવકના ૩૦%ની ભરણપોષણની માંગ કરેલ છે.

**પરંતુ નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા કલ્યાણ ડે ચૌધરી વિરૂદ્ધ રીટા ડે ચૌધરી ની નંદી AIR 2017 SC 2383 ના ચુકાદામાં એવું ઠરાવવામાં આવેલ છે કે, પતિના નેટ પગારના ૨૫% પત્નીને ભરણપોષણ તરીકે આપવામાં આવે તે યોગ્ય રહેશે.**

ભરણપોષણ વ્યાજબી હોવુ જોઈએ અને અતિશય ન હોવુ જોઈએ.

૫.૨.૫. અરજદારે પોતાના અને સગીર દીકરીઓના ભરણપોષણ પેટે માસિક કુલ રૂ. ૧,૦૦,૦૦૦/– ની માગણી કરી છે. પરંતુ સામાવાળાની આવકને ધ્યાને લેતા અરજદારને માંગ્યા મુજબની રકમ ચૂકવવાનો સામાવાળાને આદેશ કરી શકાય તેમ નથી. વધુમાં સામાવાળાની સપ્ટેમ્બર, ૨૦૨૧ ની પગાર સ્લીપ કે જે આંક–૧૫ થી રજુ છે, તેમાં દર્શાવેલ પગાર કપાતને ધ્યાને લેતા, અરજદારની માંગણી અંશતઃ ગ્રાહ્ય રાખી, અરજદારને માસિક રૂ. ૫૦૦૦/– તેમજ બંને સગીર દીકરીઓને માસિક રૂ. ૨૫૦૦/– લેખે રૂ. ૫૦૦૦/– એમ કુલ માસિક રૂ. ૧૦,૦૦૦/– કે, જે આશરે આજની તારીખે સામાવાળાના નેટ પગારના ૨૫% ટકા જેટલો થાય છે તે ભરણપોષણ પેટે ચૂકવવાનો આદેશ સામાવાળાને કરવામાં આવે તો બંને પક્ષે ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ છે.

૫.૨.૬. અરજદાર કયા તારીખથી ભરણપોષણ મેળવવા હકકદાર થાય છે તે નક્કી કરવા માટે નામદાર સુપ્રીમ કોર્ટે નીચે જણાવેલ ચુકાદામાં માર્ગદર્શિકા ઘડી છે.

**રજનીશ વિરૂદ્ધ નેહા (2021) 2 S C C 324 ના ચુકાદામાં નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું છે કે, ભરણપોષણ અરજીની તારીખથી આપવાની રહેશે.**

વધુમાં, અરજીની તારીખને બદલે હુકમની તારીખથી ભરણપોષણ આપવા સંબંધે હુકમ કરવા રેકર્ડ ઉપર કોઈ વ્યાજબી કારણ જણાતું ન હોઈ તેમજ અરજદાર અને તેમની બંને સગીર દીકરીઓની નિરાધારતા અટકાવવા માટે અરજદારો અરજીની તારીખથી એટલે કે ૨૬/૦૨/૨૦૨૧ થી ભરણપોષણ મેળવવા હક્કદાર બને છે.

૫.૨.૭. વધુમાં, સદર કેસ જોતા ભવિષ્યમાં ભરણપોષણની ચૂકવણી બાબતના કાર્યવાહીઓ અટકાવવા સામાવાળાના પગારમાંથી ઉપરોક્ત ભરણપોષણની રકમ બારોબાર કપાત કરવામાં આવે તે યોગ્ય જણાય છે. આમ, ઉપરોકત ચર્ચાઓને ધ્યાને લેતા મુદ્દા નંબર-૨ નો નિર્ણય અંશતઃ હકારાત્મક આપી મુદ્દા નંબર-૩ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## : : <u>હુકમ</u> : :

૧. અરજદારની અરજી અંશત: મંજૂર કરવામાં આવે છે.

૨. આથી સામાવાળા વિરૂદ્ધ એવો હુકમ કરવામાં આવે છે કે, સામાવાળા બરમેશ્વરનાથ વિષ્ણુધારી સીંગએ અરજદાર આભારાની બરમેશ્વરનાથ સીંગને અરજીની દાખલ તારીખ ૨૬/૦૨/૨૦૨૧ થી અરજદાર નંબર-૧ ને માસિક રૂ. ૫૦૦૦/- લેખે તથા અરજદાર નંબર-૨ ને માસિક રૂ. ૨૫૦૦/- લેખે તેમજ અરજદાર નંબર-૩ ને માસિક રૂ. ૨૫૦૦/- લેખે મળી દર માસે કુલ રૂ. ૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પુરા) ભરણપોષણ પેટે ચઢે ચઢ્યા નિયમિતપણે ચૂકવવા.

૩. સદર ભરણપોષણની કુલ માસિક રકમ રૂ. ૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પુરા) સામાવાળાના પગાર માંથી કપાત કરીને, સીધા અરજદાર નં-૧ના બેંક ખાતામાં જમા કરાવવાનો હુકમ કરવામાં આવે છે, જે અન્વયે અરજદાર નં-૧ નાઓએ પોતાના બેંક ખાતાની માહિતી પૂરસીસથી જાહેર કર્યેથી, પે-સેન્ટર, વેસ્ટર્ન રેલ્વ, ભાવનગર ડિવિઝનને આ હુકમની અમલવારી માટે યાદી કરવી.

૪. આ કામે અગાઉ થયેલ વચગાળાના ભરણપોષણનો હુકમ આથી રદ કરવામા આવે છે અને તે હુકમ અન્વયે જે રકમ સામાવાળાએ ભરેલ હોય તે રકમ મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

૫. સદર અરજીનો દરેક પક્ષકારે પોતપોતાનો ખર્ચ જાતે ભોગવવો.

હુકમ આજ તારીખ ૨૫ માહે મે સને ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**ગાંધીનગર.**
**તા. ૨૫/૦૫/૨૦૨૨**

**(જે. જે. થરઈલ)**
**GJ 01652**
**૬ઠા એડી.જ્યુડી.મેજી.ફ.ક.**
**ગાંધીનગર.**